તાપમાન
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૮૫ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૬૯ | ૩૦ ઓગસ્ટ, ૨૦૧૬, મંગળવાર ; શ્રાવણ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સિન્ધુ, સાક્ષી, દિપા અને જીતુને ખેલરત્ન

**રાષ્ટ્રપતિ ભવનમાં ભવ્ય એવોર્ડ કાર્યક્રમનું આયોજન : ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત એકસાથે ચાર ખેલાડીઓને રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ : ૧૫ ખેલાડીઓને અર્જુન પુરસ્કારથી સમ્માનિત કરાયા છે**





નવી દિલ્હી, તા. ૨૯

પીવી સિંધુ, સાક્ષી મલિક, દિપા કર્માકર, જીતુ રાયને આજે રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડથી સમ્માનિત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ તેમને સમ્માનિત કર્યા હતા. ઓલિમ્પિકમાં બેડમિગ્ટનમાં સિલ્વર જીતનાર પીવી સિંધુ, કુશ્તીમાં બ્રોન્ઝ મેડલ જીતનાર સાક્ષી મલિક અને શૂટર જીતુ રાય તથા જીમનાસ્ટ દિપા કર્માકરને રાજીવ ખેલરત્નથી સમ્માનિત કરવામાં આવ્યા છે. પ્રથમ વખત ચાર ખેલાડીઓને રાજીવ ગાંધી ખેલરત્ન પુરસ્કારથી સમ્માનિત કરવામાં આવ્યા છે. દિપા કર્માકરના કોચ વિશ્વેશ્વર નંદીને દ્રોણાચાર્ય એવોર્ડથી સમ્માનિત કરાયા છે. વિરાટ કોહલીના કોચ રાજકુમાર શર્માને પણ દ્રોણાચાર્ય એવોર્ડથી સમ્માનિત કરાયા છે. અર્જુન એવોર્ડથી સમ્માનિત થવામાં એથલિટ લલિતા બાબર, ફુટબોલ ખેલાડી સુબ્રત પોલ, હોકી ખેલાડી રઘુવીર, તિરંદાજ રજત ચૌહાણ, બોક્સર શિવા થાપા, ક્રિકેટર આર્જિંકેય રહાણે, રેસલીન અમિત કુમારને સમ્માનિત કરવામાં આવ્યા છે.

## હવે પશ્ચિમ બંગાળ માત્ર બાંગ્લા અને બંગાળ તરીકે ઓળખાશે

કોલકાતા, તા. ૨૯

પશ્ચિમ બંગાળનું નામ બદલનાર પ્રસ્તાવ બંગાળ વિધાનસભામાં પાસ થઈ ગયો છે. આની સાથે જ પશ્ચિમ બંગાળનું નામ હવે બાંગ્લા અને બંગાળ રહેશે.

પશ્ચિમ બંગાળનું નામ હવે બંગાળીમાં બાંગ્લા અને અંગ્રેજીમાં બંગાળ રહેશે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ ઐતિહાસિક નિર્ણયની આજે જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે આ તમામ લોકો માટે ખૂબ સારો નિર્ણય તરીકે છે. મંમતાએ એમ પણ કહ્યું હતું કે, આજનો દિવસ બંગાળના લોકો માટે ગર્વનો દિવસ છે. નામ બદલવા ઉપર ઔપચારીક મંજુરી માટે કેન્દ્ર સરકારની પાસે આ પ્રસ્તાવને મોકલવામાં આવશે. મમતાએ પ્રસ્તાવ પાસ થઈ ગયા બાદ કહ્યું કે આજનો દિવસ દરેક રીતે મહત્વપૂર્ણ છે.

## ૫૧ દિન બાદ કાશ્મીરમાંથી સંચારબંધી આખરે ઉઠાવાઈ

શ્રીનગર,તા. ૨૯

નવમી જુલાઈના દિવસે અંધાધુંધી અને હિંસાની શરૂઆત થયા બાદ ૫૧ દિવસના લાંબા ગાળા પછી આખરે સત્તાવાળાઓ દ્વારા સંચારબંધી આજે સવારે ઉઠાવી લેવામાં આવતા તંત્રને મોટી રાહત થઈ છે. વરિષ્ઠ પોલીસ અધિકારીએ વિગત આપતા કહ્યુ છે કે સમગ્ર ખીણમાંથી સંચારબંધી હવે ઉઠાવી લેવામાં આવી છે. પરંતુ પુલવામા શહેર અને શ્રીનગરમાં નોહાટા અને એમઆર ગંજ પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળ આવતા વિસ્તારમાં સંચારબંધી અમલી રાખવામાં આવી છે. પોલીસ અધિકારીએ વિગત આપતા કહ્યુ છે કે રવિવારે સાંજે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં સંચારબંધીને ઉઠાવી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

# પ્રધાનમંત્રી મોદીની આજે રાજ્યમાં પ્રથમ જાહેરસભા

**જામનગરના ધ્રોલમાં રેલીમાં લાખો લોકો પહોંચે તેવી પ્રબળ શક્યતા : સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઈ સ્કીમના પ્રથમ તબક્કાને લોન્ચ કરવાનો કાર્યક્રમ**



અમદાવાદ, તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે મંગળવારે ગુજરાતમાં પ્રથમ જાહેર રેલી યોજનાર છે. પાટીદાર સમુદાય અને દલિત સમુદાયમાં હાલમાં ભાજપ સરકારને લઈને નારાજગી દેખાઈ રહી છે ત્યારે આ રેલી ખુબ ઉપયોગી સાબિત થઈ શકે છે. પાઈપલાઈન નેટવર્ક સાથે સૌરાષ્ટ્રમાં બંધને જોડનાર સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સ્કીમના પ્રથમ તબક્કાને લોંચ કરવાના હેતુથી મોદી ગુજરાત પહોંચી રહ્યા છે. નવા મુખ્યપ્રધાન વિજય રૂપાણી અને અન્યોની હાજરીમાં આ સ્કીમ લોંચ કરવામાં આવનાર છે. પ્રથમ તબક્કામાં કુલ ૧૦ બંધને જોડવામાં આવનાર છે. પાદીદાર પ્રભુત્વવાળા વિસ્તારમાં વડાપ્રધાન તરીકે ગુજરાતમાં પ્રથમ રેલી કરવા જઈ રહ્યા છે, જેને લઈને કાર્યકરોમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. આવતીકાલે મોદી જામનગર જિલ્લામાં ધ્રોલ ખાતે જાહેર રેલી યોજનાર છે. જેને લઈને તમામ તૈયારીઓ ભાજપના કાર્યકરો દ્વારા કરી લેવામાં આવી છે. ધ્રોલ પાટીદાર પ્રભુત્વવાળા એવા ત્રણ મોટા વિસ્તારની નજીક છે જ્યાં પાટીદારો અગાઉ જોરદાર આંદોલન કરી ચુક્યા છે. આવી સ્થિતિમાં મોદીની આ રેલીને ખૂબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

ગાંધીનગર સમાચાર સાથે
દિવાળીની મીઠાઈ પણ...

તા.૧ સપ્ટેમ્બરથી
ગૅરન્ટેડ ગિફ્ટ યોજનાની
શુભ શરૂઆત

તા.૧.૯.૨૦૧૬ થી દિવાળી સુધીના
રૂ.૯૯ ના બીલની સામે
દિવાળીએ રૂ.૧૬૦ ના મૂલ્યની
રાધે Prem Ni Mithaas
મીઠાઈની ગૅરન્ટેડ ગિફ્ટ

તા.૧.૯.૨૦૧૬ના ગાંધીનગર સમાચારમાં
પ્રથમ ગિફ્ટ કૂપન પ્રસિદ્ધ કરાશે.
તા. ૨૫.૧૦.૨૦૧૬ સુધીમાં
૫૫ કૂપન પ્રસિદ્ધ થશે.
તા. ૧.૯.૨૦૧૬ના અંકમાં
કૂપન ચોંટાડવાનું ફોર્મ પ્રસિદ્ધ થશે.
બધી જ કૂપન ચોટાડેલું અધિકૃત ફોર્મ રજૂ કરવાથી
રાધેની રૂ.૧૬૦ના મૂલ્યની મીઠાઈની ગૅરન્ટેડ ગિફ્ટ
તા. ૨૫, ૨૬ અને ૨૭ ઑક્ટોબર દરમિયાન વિતરણ થશે.

ગાંધીનગર સમાચાર
વાંચતા રહો અને નિયમિત
ગૅરન્ટેડ ગિફ્ટ મેળવતા રહો...

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપના અખબાર વિતરક પાસેથી
ગાંધીનગર સમાચાર માંગો, આજથી જ...

PARAM